SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# કવિ ચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ શાહકૃત 'વિશ્વધર્મ' નાટ્યકૃતિની પાત્રસૃષ્ટિ

ડૉ.મનોજકુમાર કારાભાઈ સોલંકી

'વિશ્વધર્મ' ગાંધીજીના સિદ્ધાંતોને અનુલક્ષમાં લખાયેલી કૃતિ છે. ધર્મગુપ્ત અને મુક્તાવલીનો પ્રસંગ રવિન્દ્રનાથે પોતાની જાણીતી કરેલી બૌદ્ધ કથા પરથી છે. જેમાં સાધુ ધર્મગુપ્ત સાચો ધર્મ કોને કહેવાય? તેનો વેશ્યા મુક્તાવલી, રાજા વીરભદ્ર, શબર ભીલ તેમજ અજ્ઞાની એવા જીવરામને ઉપદેશ આપે છે. જે યથાયોગ્ય અહીં કહેવાયું છે. 'વિશ્વધર્મ' નાટકમાં કુલ પાત્રોની સંખ્યા એકત્રીસ છે. તેમાં પુરુષ પાત્રો ચૌદ અને સ્ત્રીપાત્રો છ છે. તેમજ સમૂહપાત્રોની સંખ્યા અગિયાર છે.

**પુરુષપાત્રો**

મુખ્ય પાત્ર ધર્મગુપ્તનું છે. મુક્તાવલિ પોતાનો દેહ ભિક્ષામાં અર્પણ કરવા તત્પર બને છે. પરંતુ નિર્મોહી ધર્મજ્ઞ જ્ઞાની પવિત્ર પુરુષ ધર્મગુપ્ત તેનો અસ્વીકાર કરી ચાલ્યો જાય છે. મુક્તાવલિની કામવાસનાને પારખી જનાર ધર્મગુપ્તને એ વેળાએ પશુ કરતા પણ મુકતાવલિ વધુ ખતરનાક પશુ સમાન લાગે છે. અંધ બનેલી મુક્તાવલિ જંગલમાં તેનું જીવન પસાર કરતી હોય છે ત્યારે ધર્મગુપ્ત તેની પાસે જાય છે. અહીં ધર્મગુપ્ત મુક્તાવલિના દેહ સૌંદર્યના મોહથી નહિ પણ તેના પ્રત્યેના સ્નેહ ભાવથી જાય છે. તો શબર ભીલને હિંસાના માર્ગેથી અહિંસાના માર્ગે વાળે છે. આમ, ધર્મગુપ્તનું પાત્ર એક સાચા જ્ઞાની પુરુષ ઉપરાંત નિર્વિકારી, પરદુ:ખભંજક અને અજ્ઞાની લોકોને જ્ઞાનનો પ્રકાશ આપનાર એક સાચા સંત પુરુષ તરીકે પણ જોવા મળે છે. સુખલાલનું પાત્ર ખલનાયકની ભૂમિકા ભજવતું જણાય છે. ખોટી માળા ખરીદવા માટે આપેલા નાણાં જ્યારે મુક્તાવલિ પાછા આપતી નથી ત્યારે ગુસ્સે થયેલો સુખલાલ તમંચો લઈ મુક્તાવલિને ડરાવે છે. પરંતુ મુક્તાવલિ સુખલાલને મદ્યપાન કરાવી તેનું ખૂન કરી નાખે છે. અહીં સુખલાલ મદ્યપાનના નશામાં પોતાનો જીવ ગુમાવે છે. આમ, સુખલાલનું પાત્ર સ્વાર્થી, વેશ્યાલંપટ, શરાબી વ્યક્તિ તરીકે પ્રત્યક્ષ થાય છે.

ગૌણ પાત્રોમાં પોપટના પાત્રનો સમાવેશ કરી શકાય છે. પોપટ વચનપાલક, હોશિયાર, બુદ્ધિશાળી, પરોપકારી યુવક છે. તે મેના જેવી સ્ત્રીને વેશ્યા મુક્તાવલિના બંધનમાંથી મુક્ત કરાવી તેની સાથે લગ્ન કરે છે. અહીં પોપટનું પાત્ર આધુનિક વિચારસરણી ધરાવનાર નવયુવક તરીકે જોવા મળે છે. શિવરામનું પાત્ર અહીં શુદ્ધ જ્ઞાની, આત્મસંતોષી, કર્તવ્યનિષ્ઠ, બ્રાહ્મણનું છે. તેનામાં ધનલાલસા નથી. તેથી તે રાજા વીરભદ્ર પાસે સાત્વિક દાન માંગે છે. જીવરામ પણ બ્રાહ્મણ હોય છે. પરંતુ તે સ્વાર્થી હોય છે. ખોટા જપ, તપ કરાવી ધનપાલ પાસેથી ધન પ્રાપ્ત કરતો હોય છે. રાજા વીરભદ્રનું પાત્ર અહીં અગત્યનું છે. આ પાત્ર રાજવહીવટમાં કુશળ અને ધીરોદાત્ત છે. તેમજ દાનવીર અને વચનપાલક રાજા તરીકે પણ દ્રષ્ટિગોચર થાય છે. ધનપાલ શેઠને ધંધામાં ખોટ જવાથી આબરૂ સાચવવા આત્મહત્યા કરવા તૈયાર થાય છે. ત્યારે લક્ષ્મી તેને મદદ કરે છે. અને લક્ષ્મીએ કરેલી આર્થિક સહાયથી પોતે પરમાર્થકાર્ય કરીશ એવું તેને વચન આપ્યું હોય છે. પરંતુ તે જ્યારે ધનાધિપતિ બને છે ત્યારે તે લક્ષ્મીને આપેલું વચન વિસરી જાય છે. આથી તેની બધી સંપત્તિ લક્ષ્મી બાળીને ભસ્મ કરે છે. શબરભીલનું પાત્ર પણ ધર્મગુપ્તના ઉપદેશથી હિંસાનો માર્ગ છોડી અહિંસાના માર્ગે વળે છે. અન્ય પુરુષ પાત્રો જેવા કે કોટવાલ, જલ્લાદ, વગેરે મુખ્ય પાત્રોના વ્યક્તિત્વને ઉપસાવવામાં સહાયરૂપ બને છે.

**સ્ત્રીપાત્રો**

આ નાટકમાં મુક્તાવલિનું પાત્ર કેન્દ્રસ્થાને છે. સ્વાર્થી મુક્તાવલિ રખડતી રઝળતી અનાથ એવી બાળા મેનને ઉછેરીને મોટી કરે છે. પરંતુ કેટલીકવાર મેનાનું પૂરેપૂરું મૂલ્ય વસૂલ કર્યા વિના કોઈ અન્યના હાથમાં સોંપી દેવી યોગ્ય નથી. એમ મુક્તાવલિ મેના વિશે વિચારે છે.

મુક્તાવલિ ભિક્ષુક ધર્મગુપ્તને ભિક્ષામાં પોતાનો દેહ આપવા તૈયાર થાય છે. ત્યારે તેમાં કામાંધ વેશ્યા તરીકે નો પરિચય થાય છે. તેમજ સુખલાલને પુષ્કળ મદ્યપાન કરાવી સાચા મોતીની માળા તે પડાવી લે છે. તો સુખલાલ એ માળા પાછી માગે છે. ત્યારે ચતુર મુકતાવલિ ખોટી માળા શેઠને પધરાવી દેવાની તેને સલાહ આપે છે.

ચારિત્ર્યહીન અપ્રમાણિક મુક્તાવલિ મોતીની માળા કે ખોટા મોતીની માળા ખરીદવા આપેલા પૈસા પણ સુખલાલને પાછા આપતી નથી, પરંતુ મુક્તાવલિ જ ધમકી આપનાર સુખલાલને મદ્યપાનમાં ચકચૂર કરી ખૂન કરી નાખે છે. આથી તેના દંડ રૂપે તેની આંખો ફોડી નાખવામાં આવે છે. અને પોતાનું શેષ જીવન તે જંગલમાં ગાળે છે. ત્યારે અજ્ઞાની એવી મુક્તાવલિ સાચું જ્ઞાન લાધતા પોતાના કુકર્મોનો પસ્તાવો કરતી જોવા મળે છે. તેમજ ધર્મગુપ્ત જેવા મહાન પુરુષના તપના તેજથી તેને દ્રષ્ટિ પુનઃ સાંપડે છે. આમ, મુક્તાવલિનું પાત્ર આરભમાં સ્વાર્થી, લંપટ, ક્રુર, ઘાતકી, સ્ત્રી તરીકે જોવા મળે છે. પરંતુ પાછળથી સાચું જ્ઞાન પ્રાપ્ત થતા ભક્તિ પરાયાણ સ્ત્રી તરીકે દ્રષ્ટિગોચર થાય છે.

ગૌણ સ્ત્રીપાત્રોમાં મેનાનું પાત્ર મહત્વનું છે. મેના નીડર, સાહસિક, દયાળુ, સંવેદનશીલ અને બુદ્ધિશાળી યુવતી છે. દ્રષ્ટિહીન થયેલી મુક્તાવલિની નિઃસ્વાર્થભાવે તે સેવા સ્વીકારે છે. અહીં મેનાનું પાત્ર અન્ય પાત્રની સરખામણીમાં મુઠ્ઠી ઉછેરી બની રહે છે. મુકતાવલિ મેનાને તેના સ્વાર્થ માટે ઉછેરી મોટી કરે છે. પરંતુ નાટ્યાંતે અંધ બનેલી મુક્તાવલિની મેના નિઃસ્વાર્થ ભાવે તેની સેવા કરે છે, આમ, આ પાત્ર ઉપકારનો બદલો ઉપકારથી વાળનારૂ પાત્ર છે. શિવરામ પતિ વિરુદ્ધ વિચારસરણી ધરાવતું પાત્ર ઉમાનુ છે. ઉમા અજ્ઞાની, ધનલાલચુ, જીદ્દી છે. પતિના સુખે સુખી કે દુઃખે દુઃખી થવામાં નહીં માનનારી એ કર્કશા છે. જીવરામની પત્ની તૃષ્ણાનું પાત્ર પણ અહીં મહત્વનું છે. તૃષ્ણા કપટી અને ઈર્ષાળુ સ્ત્રી છે. લક્ષ્મીનું પાત્ર એક સંવેદનશીલ પરોપકારી સ્ત્રી તરીકે જોવા મળે છે. સાથોસાથ આબરૂ ખાતર આત્મહત્યા કરવા તૈયાર થયેલ ધનપાલને ક્ષણવારમાં સંપત્તિપાત્ર બનાવી દેતું અને પરમાર્થ કાજે સંપતિનો ઉપયોગ નહીં થતાં તેની સંતતિને ઘડીમાં બાળીને ભસ્મ કરી દેતુ આ પાત્ર દૈવી સ્ત્રી પાત્ર તરીકે પણ દ્રશ્યમાન થાય છે. અન્ય સ્ત્રીપાત્રોમાં કલ્યાણી, કુમારિકાઓ વગેરે નાટકમાં મુખ્ય પાત્રોને સહાયભૂત બને છે.